અમદાવાદના એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ (કોર્ટ નં.૪) ની કોર્ટમાં, અમદાવાદ.

ફો.કેસ નં. <u>48602/2022</u>

<u>ફરીયાદી :</u> સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી :– રવિકાન્ત ભાનુપ્રતાપ મિશ્રા

<u>:– જજમેન્ટ:–:</u>

ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કેઃ– આરોપીએ બનાવની તારીખે અને સ્થળે પોતાના હવાલાવાળુ વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી <u>ઈ.પી.કો.ક. ૨૭૯</u> તથા એમ.વી.એકટ ક. ૩,૧૮૧,૧૮૪, ૧૭૭ મુજબનો ગુનો કરેલ હોઈ આ અદાલતમા ચાર્જશીટ રજુ થયેલ છે. આરોપીએ કબુલાત પુરસીસમા ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને ગરીબ માણસો હોઈ આર્થિક પરિસ્થિતિ અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનો ન્યાયમુર્તિ શ્રી જે.એન. ભટ્ટ સાહેબનો ચુકાદો **State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GCD 749** લક્ષમા રાખી ઓછામા ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરુ છુ.

<u>:: આ ખ રી હુ ક મ :</u>

આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. ક. ૨૭૯ તથા એમ.વી.એકટ ક. ૩, ૧૭૭, ૧ ૮૧, ૧૮૪, ૧૭૭ મુજબના ગુનાના ભંગ બદલ સંયુકત રીતે રૂ.1600/- (રૂપિયા સોળસો પુરા )દંડ આરોપીની ઉંમર જોતા તેમજ તેમના પરની જવાબદારી ધ્યાને તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **State Of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 : 2005 (1) GLR 709** લક્ષમા રાખતા સજા કરવામા આવતી નથી.જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ (પાચ)ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. મુદ્દામાલ રોકડ અપીલ સમય બાદ સરકાર દાખલ કરવી. અન્ય મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૩ મી ઓગષ્ટ ૨૦૨૨ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | ( એચ. જે. બ્રહમભટ્ટ) |
| | | એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)<br>અ મ દા વા દ. |
| | | કોડ નંબર જી.જે. ૦૧૧૭૨ |